# મે. મજૂર અદાલત, નડીઆદ (જી. ખેડા) ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ.

**રેફરન્સ (LCN) નંબર : ૧૨૨/૨૦૨૪**

પ્રથમ પક્ષકારો : (૧) મેનેજર/માલીક,
સાર્વજનીક મહીલા સેવા સંઘ,
ઠે.માતર, જી.ખેડા.
(૨) સંત પાઉલ મંદિર,
ઠે.માતર, જી.ખેડા.

**વિ રૂ દ્ધ**

બીજા પક્ષકાર : શેખ લીયાકત મહંમદમીંયા,
રહે.મોટી ભાગળો, માતર,
તા.માતર, જી.ખેડા.

**: એ વો ર્ડ :**

આ કામના અરજદારે શ્રમ આયુકત, નડીઆદ સમક્ષ સદરહું વિવાદ ઉભો કરતા, ત્યાં સમાધાન નહી થતાં અત્રે ન્યાય નિર્ણય અર્થે આવેલ છે. આજ રોજ અરજદાર જાતે તથા તેમના પ્રતિનિધિએ હાજર થઈ આંક–૧૯થી સમાધાન પુરશીસ રજુ કરી જાહેર કરેલ છે કે, તેઓને સામાવાળા સાથે રૂા.૩,૦૦,૦૦૦/– માં સમાધાન થઈ ગયેલ છે અને તેઓ હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી. પક્ષકારો તથા તેમના પ્રતિનિધિ / વકીલશ્રી હાજર હોઈ તેઓને પુછતાં તેઓ સમાધાનમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવે છે અને અરજદારે સ્વેચ્છાએ કોઈ દાબ–દબાણ વગર સદરહું સમાધાન કરેલ હોવાનું જણાવે છે. જેથી હવે આ કામે કંઈ કરવાનું રહેતું ન હોઈ, સદરહું કેસ આજ રોજ લોક અદાલતમાં સમાધાનથી ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬**
**નડીઆદ.**
(M.D.)

**(ભાવેશ કિશોરકુમાર રાવલ)**
**પ્રિસાઈડીંગ ઓફિસર**
**મજૂર અદાલત, નડીઆદ.**
**[GJ01255]**